# હાદી માસિક

બાળકો અને
નવયુવાનો માટે

મોહર્રમ, હી.સ. ૧૪૩૪,
ડીસેમ્બર - ૨૦૧૨

અંક-૫૦




રૂ. 30/-

# મોહર્રમ માસના ખાસ દિવસો

**૧- મોહર્રમ:** (૧) આ દિવસથી મક્કાના કાફરોના અત્યાચારોને કારણે આપણાં રસૂલ ત્રણ વરસ સુધી "શોઅબે અબૂતાલિબ" માં કેદ રહ્યાં હતાં.

(૨) આજના દિવસથી જ ઈમામ હુસૈનના શોકના દિવસો શરૂ થઈ જાય છે અને ઈમામનો શોક પૂરી દુનિયાને ઘેરી લે છે.

(૩) આજના દિવસે ઈમામ હુસૈન અ.સ. કરબલાના માર્ગે હતા અને હુરના સૈન્ય સાથે તેમનો ભેટો થયો હતો.

**૨- મોહર્રમ:** આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.) કરબલા આવી પહોંચ્યા હતાં.

**૪- મોહર્રમ:** આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના દુશ્મન કાઝીએ ઈમામ હુસૈન (અ.સ.)ને કત્લ કરવાનો ફતવો આપ્યો હતો.

**૭- મોહર્રમ:** આજના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)ના તંબૂઓમાં પાણી ખત્મ થઈ ગયું હતું.

**૯-મોહર્રમ:** આજના દિવસે યઝીદી સૈન્યએ ઈમામ હુસૈન (અ.સ.) અને તેમના સાથીઓના તંબૂઓને ઘેરી લીધાં હતાં.

**૧૦-મોહર્રમ:** (૧) આજનો દિવસ ઈમામ હુસૈન અ.સ. અને તેમના બોંતેર સાથીઓની શહાદતના શોકનો દિવસ છે.

(૨) આજના દિવસે જ યઝીદી સૈન્યે ઈમામ હુસૈન (અ.સ.)ના તંબૂઓને આગ લગાડી હતી.

**૧૧-મોહર્રમ:** આજના દિવસે "કરબલા બંદીઓ"ના કાફલાને કૂફા અને સિરિયા મોકલવામાં આવ્યા હતા.

**૧૨-મોહર્રમ:** આજના દિવસે બની અસદના કબીલાવાળાઓએ કરબલાનાં શહીદોને દફન કર્યા હતા.

**૨૫-મોહર્રમ:** ઘણા મોટા પ્રમાણમાં રિવાયતો છે તે પ્રમાણે આજનો દિવસ સન ૯૪ અથવા ૯૫ હિજરીમાં ઈમામ સજ્જાદ (અ.સ.)ની શહાદતનો દિવસ છે.



**૨૮-મોહર્રમ:** આજના દિવસે "કરબલાના બંદીઓ"ને બઅલબક નામની જગ્યાએ પહોંચાડવામાં આવ્યા હતા જ્યાં તેમનું ઘણું અપમાન કરવામાં આવ્યું હતું.

**૨૯-મોહર્રમ:** આજના દિવસે "કરબલાના બંદીઓ"ને સિરિયા પહોંચાડી દેવામાં આવ્યા હતા.



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**


**મોહર્રમ હીજરી સન ૧૪૩૪,**
**ડીસેમ્બર - ૨૦૧૨**

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

મહોર્રમ માસ એ મહીનો છે જેમાં તલવાર ઉપર રક્તએ ફતેહ મેળવી હતી અને એ સાબિત કરી દીધું છે કે ઈસ્લામ પોતાનું ખૂન વહેવડાવવાથી ફેલાયો છે, અન્યોના રક્ત વહેડાવવાથી નહીં, એટલે કે ઈસ્લામ તલવારના જોરે નથી ફેલાયો – શક્તિ અને બળપ્રયોગથી ઈસ્લામ ફેલાયો નથી તે હકીકતની ઉજ્જવળ અને સ્પષ્ટ સાબીતી કરબલા છે.

વહાલા બાળકો ! આશૂરાના બોધપાઠો ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરજો – અને અઝાદારીમાં લેશમાત્ર પણ આળસ કરતાં નહીં. આપણું અસ્તિત્વ અઝાદારીના અસ્તિત્વ સાથે સંકળાએલું છે અને આખેરતની સફળતા અને ત્યાં પણ માથું ઉંચકીને ચાલી શકીએ તેનો આધાર પણ અઝાદારી ઉપર જ છે.

અને ઈમામ હુસૈન અ.સ.એ પોતાનું, પોતાના સગાવહાલા અને મિત્રો અને મદદગારોનું લોહી પેશ કરીને, એટલે સુધી કે છ માસના નિર્દોષ બાળક સુધ્ધાંનું બલિદાન આપીને હંમેશ માટે ઈસ્લામના અસ્તિત્વને અમર કરી દીધું છે.

ઈમામ ખુમૈની (રહે.)નું ફરમાન છે કે એ મોહર્રમ અને સફરના મહીનાઓ છે કે જેનાથી ઈસ્લામને જીવન પ્રાપ્ત થયું છે.

ઈમામે માઅસૂમનો ઈર્શાદ છે કે 'હુસૈનની કતલ મોઅમેનીનના હૃદયની એ ઉષ્મા અને ગરમી છે જે કદીયે ઠંડી નહીં પડે.'

તેથી અઝાદારીના આપણાં જુસ્સામાં કમી આવવી જોઈએ નહીં.

વહાલા બાળકો ! અઝાદારી એ ફક્ત કોઈ રિવાજ નથી પરંતુ અઝાદારી એક ધ્યેય–લક્ષ્યાંક–મિશન છે. જેનો પાયો જનાબ ઝયનબ સલા. અને સૈયદે સજ્જાદ અ.સ.એ શામના કેદખાનામાં નાંખ્યો હતો અને એ હકીકતની જાહેરાત કરી દીધી હતી કે અત્યાચારી કોણ છે અને અત્યાચાર વેઠનાર કોણ છે, તે જગત જોઈ લે અને ઓળખી લે.

અમે અમારી વહાલી બહેનોને પણ ગુઝારિશ કરીએ છીએ કે જનાબ સકીના સલા. ના ધ્યેયને પણ ભૂલી ન જાય. જનાબ સકીના સલા.એ કરબલા અને શામમાં ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો અને તેનાથી શત્રુઓની હારનું કારણ ઉપસ્થિત થયું હતું. પરદાની રક્ષા કરી હતી અને ધીરજ અને સહનશક્તિના પાઠ સર્વત્ર કર્યા છે.

વસ્સલામ


**વાર્ષિક લવાજમ**
**રૂા. ૩૦૦/-**



# પયગમ્બર સ.અ.વ.ના ફરઝન્દનું હુસૈન અ.સ. ઉપર કુરબાન થઈ જવું

ઈમામ હુસૈન અ.સ. વિષે ઈબ્ને અબ્બાસએ કહ્યું છે કે "એક દિવસ હું રસુલુલ્લાહ સ.અ.વ.ની સેવામાં હાજર હતો. ઈમામ હુસૈન આપના મુબારક ખોળામાં એક બાજુએ બેઠેલા હતા અને આપના મુબારક ખોળામાં બીજી બાજુએ જનાબ ઈબ્રાહીમ અ.સ. (રસુલે ખુદા સ.અ.વ.ના ફરઝન્દ) બેઠેલા હતા. આ હાલતમાં જ વહી નાઝિલ થઈ. તે પછી આપ સ.અ.વ. એ ફરમાવ્યું કે જિબ્રઈલ અ.સ.એ ખુદાવન્દે આલમના સલામ મને પહોંચાડયા પછી મને કહ્યું છે કે ખુદાવન્દે આલમ ફરમાવે છે કે હું આ બંને પુત્રોને તમારા માટે રાખીશ નહીં, કોઈપણ એક એ બીજા માટે પોતાની જાન કુરબાન કરવી પડશે. તે પછી પયગમ્બર સ.અ.વ. પોતાના પુત્ર ઈબ્રાહીમ અ.સ.ને જોઈને રડવા લાગ્યા અને કહ્યું "દીકરા ઈબ્રાહીમ અ.સ. તમે કુરબાન થઈ જાવ કેમકે તમે કુરબાન થઈ જશો તો એકમાત્ર હું દુઃખી થઈશ પરંતુ જો હુસૈન અ.સ. કુરબાન થઈ જશે તો મારી સાથે ફાતેમા સલા. અને અલી. અ.સ. પણ દુઃખી થઈ જશે અને મને મારૂં દુઃખી થવું મંજુર છે, ફાતેમા સલા. અને અલી અ.સ. નું દુઃખી થવું મને મંજુર નથી."



તે પછી આપ સ.અ.વ.એ જિબ્રઈલ અ.સ.ને કહ્યું : હે જિબ્રઈલ અ.સ., મને ઈબ્રાહીમ અ.સ.ને હુસૈન અ.સ. ઉપર કુરબાન કરી દેવું મંજુર છે.



E-mail : hadimasik@yahoo.com



જનાબ ઈબ્રાહીમ અ.સ. (ફરઝન્દે રસૂલે ખુદા સ.અ.વ.) તેના ત્રણ દિવસમાં જ બીમાર પડી ગયાં અને તેમની વફાત થઈ ગઈ. તે પછી પયગ્ગબર અકરમ સ.અ.વ. જ્યારે પણ હુસૈન અ.સ.ને છાતી સરસો ચાંપતા - તેમને વહાલ કરતા અને પોતાના મોઢાની લાળ (લુઆબે દહન) નો આપને રસાસ્વાદ કરાવતાં ત્યારે ફરમાવતા હતા કે "મારા પ્રાણ તારા ઉપર ન્યોછાવર થાય કે જેના માટે મેં મારા પુત્ર ઈબ્રાહીમ અ.સ.ને કુરબાન કરી દીધો છે"

(હયાતુલ હુસૈન-ભા-૧-પા. ૯૫)

પયગમ્બર સ.અ.વ. પોતાના ફરઝન્દને હુસૈન અ.સ. ઉપર કેમ કુરબાન ન કરી દે કેમકે તેઓ તો જાણતા જ હતા કે આ હુસૈન અ.સ. જ છે જે ભવિષ્યમાં એક દિવસ મારા દીનની રક્ષા કરશે...

ઈમામે ઝમાના અજ. હઝરત ઈમામ હુસૈન અ.સ.ની વિશેષતાઓ અને આપના ગુણો વિશે ફરમાવે છે કે "આપ રસૂલ સ.અ.વ.ના ફરઝંદ - કુરઆનની વાણી- ઉમ્મતના રક્ષક - ખુદાની આજ્ઞાઓનું પાલન કરનાર - કરેલા કોલ - કરાર નિભાવવાવાળા - અસત્ય અને નિફાકને નષ્ટ કરનાર - ઘણાં મોટા પ્રમાણમાં રૂકુઅ અને સજાદાઓ કરનાર અને આ જગત પ્રત્યે કોઈ મોહ ન રાખનાર (વ્યક્તિ) હતા."

(ઝિયારતે નાજીયા)

પયગમ્બર અકરમ સ.અ.વ. ઈમામ હુસૈન અ.સ.ની મહોબ્બત વિષે ફરમાવે છે કે "નિઃશંસય રીતે - ખુદાવન્દે આલમે દરેક મોમિનના મનમાં (આપની) મહોબ્બતને ગુપ્ત રીતે રાખેલ છે."

(બિહારૂલ અનવાર - ભા. ૪૩, પા. ૨૭૨)



E-mail : hadimasik@yahoo.com

# દુઆ કબૂલ થવાની શરતો



પ્રથમ હપ્તો

## (૧) અલ્લાહની ખરી ઓળખ :-

દુઆ કબૂલ થવાની શરતો પૈકી સૌથી અગત્યની શરત અલ્લાહની ખરી ઓળખ છે અને તેના સંપૂર્ણ સર્વશક્તિશાળી હોવા અને આ જગતનું શાસન તેનું જ શાસન છે તે બાબત અંગે સંપૂર્ણ ઈમાન રાખવું તે છે અને એ કે તેનો દાસ તેની પાસેથી જે ઈચ્છા રાખે છે તે તેને અવશ્ય મળશે - તે છે.

દુર્રે મન્સૂર (કૂરઆન શરીફની એ પ્રખ્યાત તફસીરનું નામ) માં મઆઝ-બિન-જબલએ રસુલુલ્લાહ સ.અ.વ.થી રિવાયત બયાન કરી છે કે "જો તમે અલ્લાહની ખરી ઓળખ, તેની ખરી રીતે પ્રાપ્ત કરી લો તો તમારી દુઆઓ પર્વતોને પણ તેમના સ્થાનેથી ખસેડી દઈ શકે.

(અલ મીઝાન-ભા. ૨, પા. ૪૩)

ઈમામ જાઅફરે સાદિક અ.સ.ને પુછવામાં આવ્યું કે અમે દુઆ કરીએ છીએ તે છતાં અમારી દુઆઓ કેમ ખુદાની બારગાહમાં કબૂલ થતી નથી ? આપે ફરમાવ્યું "તમે એ વસ્તુઓની દુઆ કરો છો જેને તમે જાણતા નથી અને એવા પ્રશ્નો કરો છો જે તમે સમજતાં નથી."

(અસ્સાફી-પા. ૫૭ - ઈરાનમાં પ્રસિધ્ધ થયેલ)

આ હદીસમાં એ બાબત સમજાવવામાં આવી છે કે પ્રશ્ન કર્તા (માંગનારા) પોતે શું





E-mail : hadimasik@yahoo.com

યાચના કરી રહ્યો છે અને કોની પાસે યાચના કરી રહ્યો છે તે બાબતની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ.



આ બાબત જ હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. સહીફએ કામેલામાં દુઆ નંબર-૭ માં ફરમાવે છે "અને અમે પણ તારા જ આધિપત્યમાં છીએ, તારો અધિકાર, તારૂં શાસન અમારા સંપૂર્ણ અસ્તિત્વ ઉપર છે અને તારી ઈચ્છા એ જ અમને પોતાની છત્રછાયામાં લઈ લીધેલ છે, અમે તારી આજ્ઞા પ્રમાણે જ વર્તીએ છીએ. કોઈપણ બાબતમાં અમારો ભાગ એટલો જ છે જે તે નિશ્ચિત કરી દીધો છે અને શ્રેષ્ઠ એજ છે જે તેં અમને આપ્યું છે."

અને સહીફએ અલ્વીયામાં ઈમામ અલી અ.સ.ની વાણી છે કે "કોણ તમને નુકશાન પહોંચાડે છે અને કોણ તમારી સાથે મુકાબલો કરે છે એ તારી (અલ્લાહની) ઉપેક્ષા કરે છે, દૂર ભાગે છે અથવા તારી કુદરત (સર્વશક્તિશાળીપણાં) થી નાસી છુટવા માંગે છે."

અને ખરી ઓળખ તો એજ છે કે દુઆ કરનાર જાણતો હોય કે અલ્લાહ તેની પાસે જ છે અને તે દરેક વસ્તુથી ખુબ જ પાસે છે અને તે પોતાના બંદાના અંતરમાં ઉઠતા વસવસાઓ - કુવિચારોથી પણ વાકેફ છે અને તેના અંતર કરતા પણ તેની ધોરી નસની પાસે છે અને તે તો તેના અંતર (મન) અને તેના પોતાના વચ્ચે જ છે. ખુદાવન્દે આલમનો ઈર્શાદ છે કે "અને હે પયમ્ગબર! જો મારા બંદાઓ તમને મારા વિશે પ્રશ્ન કરે (તો કહી દો કે) હું (તો) તેમની પાસે જ છું

(સૂરએ-બકરહ-આયત-૧૮૬)"



E-mail : hadimasik@yahoo.com



જુમ્આના દિવસની દુઆમાં આપે ઈર્શાદ ફરમાવ્યું છે કે “જે પોતાના દાસ (બંદા)ના ખુબ ધીમા અવાજનો પણ જવાબ આપે છે તે સિવાય બીજો કોઈ અલ્લાહ નથી એ તેની વાત પણ સાંભળે છે જે પોતાના રહસ્યોને ગુપ્ત રાખીને તેને પોકારે છે તે એવી વ્યક્તિને પોતાની મહેરબાનીઓથી નવાજે છે જે પોતાની મુશ્કેલીઓ દુર થાય તે માટે ફક્ત એક અલ્લાહ પાસે જ આશા રાખે છે. તે એવા વ્યક્તિની પાસે જ છે જે પોતાના દુઃખ દૂર થાય તે માટે તેની પાસે દુઆ કરે છે.”

(અલબલ્દુલ અમીન - પા.નં. ૯૩)

ઈમામ અલી અ.સ. એક ખુત્બામાં ઈર્શાદ ફરમાવે છે કે “તે એટલો મહાન છે કે બીજો કોઈ પણ તેનાથી મહાન હોઈ શકે જ નહી. તે (પોતાના બંદાથી-યાચકથી) એટલો બધો પાસે છે કે બીજી કોઈ વસ્તુ તેનાથી વધારે પાસે હોઈ શકે જ નહીં. તેની મહાનતાએ પોતાના બંદાઓથી તેને દૂર કરી દીધો નથી અને ન તો તેના સામિપ્યે તેને બીજાઓની હરોળમાં લાવી મુક્યો છે.”

(નહજુલ બલાગાહ - ખુત્બો - ૪૯)



E-mail : hadimasik@yahoo.com

# ઈમામ હુસૈન અ.સ.ની મુસીબતનું વર્ણન જિબ્રઈલ અ.સ.ના મુખેથી -

## “ફતલક્કા-આદમા-મિર્રબ્બેહી-કલમાતે”

અર્થાત્ :- અને આદમ સમક્ષ તેમના રબ તરફથી કેટલાંક ‘‘કલ્માત’’ મુકવામાં આવ્યા. આ આયતના અર્થ વિસ્તાર (તફસીર)માં લખવામાં આવ્યું છે કે જ્યારે જનાબ આદમ અ.સ.ની દૃષ્ટિ ખુદાના અર્શ પર પડી ત્યારે તેમને ત્યાં (અર્શે ખુદાની ઉપર) પયગમ્બર સ.અ.વ. અને અઈમ્મએ માઅસૂમીન અ.સ.ના મુબારક નામો જોવા મળ્યા. ત્યારે જિબ્રઈલ અ.સ. એ જનાબ આદમ અ.સ. ને કહ્યું **“કહો યાહમીદો-બહક્કે-મુહમ્મદદો-યા આલીયો બહક્કે અલીયો - યા ફાતિરો બહક્કે ફાતેમતો - યા મોહસેનો બહક્કિલ હસને - વલ - હુસૈન-વ-મિનકલ એહસાને”** જ્યારે ઈમામ હુસૈન અ.સ.નું નામ આવ્યું કે તરત જ જનાબ આદમ અ.સ.ની આંખોમાંથી આંસૂઓ વહેવા લાગ્યાં. અને આપનું હૃદય શોકાતૂર થઈ ગયું અને કહ્યું હે મારા ભાઈ ! આ પાંચમાનું નામ બોલતાની સાથે જ મારૂં મન શોકાતૂર થઈ ગયું છે અને આંખમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી છે. ત્યારે જિબ્રઈલ અ.સ.એ કહ્યું, આપના આ પુત્ર ઉપર તો મુસીબતોના પહાડ તુટી પડશે કે જેની સરખામણીમાં તમામ મુસીબતો તુચ્છ હશે, ત્યારે જનાબ આદમ અ.સ.એ પુછયું ‘‘ભાઈ તે મુસીબતો કંઈ હશે ?’’ ત્યારે જિબ્રઈલ અ.સ.એ કહ્યું ‘‘આપના આ ફરઝન્દને ભૂખ્યો અને તરસ્યો - એકલો - અટુલો કોઈ યાર - મદદગાર વગર નિર્દયતાપૂર્વક કત્લ કરી નાંખવામાં આવશે અને હે આદમ અ.સ. ! (તે સમયે તમારી સ્થિતિ કેવી થઈ જશે) જ્યારે તમે જોશો કે તે સ્થિતિમાં આપનો આ ફરઝન્દ ‘‘વા અત્શના-વાકિલ્લતા નાસિરાહો’’ (અર્થાત્ - હા હું તરસ્યો છું, અને મને સહાયતા કરનારાઓ પણ ખુબ જ ઓછા છે) ના પોકારો પાડી રહ્યો હશે અને તેની તરસ તેટલી વધારે હશે કે તેને પૃથ્વી અને આકાશની વચ્ચે ધુમાડો જ દેખાશે અને તે સ્થિતિમાં તેની સહાયતા કરવાની જગ્યાએ તલવારો વડે તેને જવાબ આપવામાં આવશે.

(બિહારૂલ અનવાર- ભા. ૪૪, પા. ૨૪૫)



# આશૂરાના દિવસે સાંજે (અસ્રના સમયે) બે ભાઈઓની તૌબા



ઈસ્લામમાં તોબાનો અર્થ :- ગુનેહગાર વ્યક્તિનું પોતાના ગુનાહથી પસતાવવું અને પોતાના કાર્યથી પસતાઈને ખુદાની તરફ પાછા ફરવું તે છે અને આ માર્ગ હંમેશા મનુષ્ય માટે ખુલ્લો જ રાખવામાં આવ્યો છે કેમકે ખુદાનો દીન આશા અને ઉમ્મીદનો દીન છે. મહેરબાની અને દયાનો સ્ત્રોત એ પ્રેમ અને વફાદારીનું કેન્દ્ર બિંદુ છે.

ઈમામ હુસૈન અ.સ. ખુદાની દયા અને કૃપાનું સંપુર્ણ પ્રતિબિંબ હતા - સમગ્ર સૃષ્ટિ ઉપર દયા - કૃપા - મિત્રો ઉપર દયા - કૃપા એટલે સુધી કે શત્રુઓ ઉપર પણ દયા-કૃપા-ટુંકમાં એવું કહી શકાય કે ઈમામ હુસૈન અ.સ.નું સમગ્ર અસ્તિત્વ જ દયા અને કૃપા રૂપે જ હતું. આપની વાણી પ્રેમની વાણી હતી. આપનું સમગ્ર વર્તન પ્રેમમય વર્તન હતું.

જ્યારથી યઝીદનું સૈન્ય આપની સાથે આપનો પીછો કરતાં કરતાં ચાલવા લાગ્યું ત્યારથી જ આપનો હંમેશા એવો પ્રયત્ન રહ્યો હતો કે આપ તેમને સત્યનો માર્ગ ચીંધતા રહે કે જેને પરિણામે તેઓ સત્યનો માર્ગ અપનાવી લે. શક્ય તેટલા પ્રમાણમાં આપ તેમને સત્યનો માર્ગ ચીંધતા રહ્યા અને તેમની સાથે એક હિતેચ્છુ બનીને રહ્યા.



યુધ્ધ પહેલા પણ આપ આ બાબતમાં પ્રયત્નશીલ રહ્યા, રણભૂમિમાં પણ પ્રયત્નશીલ રહ્યા અને પોતાના વર્તન અને વાણીથી સતત પ્રયત્ન કરતાં જ રહ્યા. પરિણામ એ આવ્યું કે જે લોકોમાં સત્ય પ્રત્યે અનુરાગ હતો અને જેમનો



E-mail : hadimasik@yahoo.com




અંતર આત્મા સંપુર્ણપણે મૃતપ્રાયઃ નહોતો થઈ ગયો તેમણે આપની હિદાયતનો સ્વીકાર કર્યો, અને આપે તેવા લોકોને જહન્નમના માર્ગેથી પાછા લાવીને જન્નતના હક્કદાર બનાવી દીધા.

ઈમામ હુસૈન અ.સ.એ સત્યના માર્ગે લોકોને પાછા લાવવાનો અંતિમ પ્રયત્ન ત્યારે પણ કર્યો કે જ્યારે આપના તમામ સાથીઓ - અને સગાવહાલાઓ શહીદ થઈ ગયા હતા અને આપ તદ્દન એકલા અટુલા રહી ગયાં હતા.

ઈમામ હુસૈન અ.સ.એ તે વખતે મદદ માટે પોકાર કર્યો અને કહ્યું કે શું કોઈ મારો મદદગાર નથી ? શું કોઈ એવો છે કે જે પયગમ્બર સ.અ.વ. ના કુટુંબીજનોનું રક્ષણ કરે ?

પોકારના આ શબ્દોએ સાઅદ-બિન-હરસ અન્સારી અને તેમના ભાઈ અબુલહતૂફ - બિન- હરસને ગફલતની ઉંઘમાંથી જગાડી દીધા. આ બંને અન્સાર પૈકીના હતા તેવી જ રીતે તેઓ કબીલએ ખઝરનમાંથી હતા. પરંતુ આલે મુહમ્મદ સાથે તેમનો કોઈ સંબંધ નહોતો. બંને હઝરત અલી. અ.સ.ના શત્રુઓ પૈકી હતાં. નહરવાનના યુધ્ધમાં તેમનો નારો હતો. "શાસનના અધિકાર ફક્ત ખુદાવન્દે આલમને છે. (કોઈપણ) ગુનેગાર (વ્યક્તિ)ને શાસનના કોઈ અધિકાર નથી."




આ બંને ભાઈઓ ઉમરે-સાઅદના લશ્કરમાં (ઈમામ) હુસૈન (અ.સ.) સાથે લડવા અને આપને કત્લ કરવા માટે કૂફાથી કરબલા આવ્યા હતા. આશૂરાના દિવસે જ્યારે યુધ્ધનો પ્રારંભ થયો ત્યારે તેઓ યઝીદી લશ્કરમાં જ હતા. યુધ્ધ શરૂ થઈ ગયું, લોહી રેડાવા લાગ્યું ત્યારે પણ તેઓ યઝીદી

લશ્કરમાં જ હતાં. ઈમામ હુસૈન અ.સ. એકલા અટુલા રહી ગયાં ત્યારે પણ તેઓ યઝીદના લશ્કર સાથે જ હતા. પરંતુ જ્યારે ઈમામ હુસૈન અ.સ.એ મદદ માટે પોકાર કર્યો ત્યારે તેમની ગફલતની ઉંઘ ઉડી ગઈ અને આત્મમંથન કરવા લાગ્યાં "હુસૈન અ.સ. તો ફરઝન્દે પયગમ્બર છે અને કયામતના દિવસે તો આપણે તેમના નાના (પયગમ્બર સ.અ.વ.)ની બખ્શિસ (શફાઅત) ની આશા રાખીએ છીએ."




આ વિચાર આવતાં જ બંને યઝીદના સૈન્યમાંથી નીકળી આવ્યા અને હુસૈની બની ગયા.

અને ઈમામ અ.સ.ની છત્રછાયામાં આવીને યઝીદીઓ ઉપર તુટી પડ્યા. અને તેમની સાથે યુધ્ધ કરવા લાગ્યા - કેટલાંયે યઝીદીઓને ઘાયલ કર્યા - કેટલાંય ને જહન્નમમાં ધકેલી દીધા અને છેવટે તેમણે પણ શહાદત વહોરી લીધી.

અલ્લામા-કમરાહ-ઈ-પોતાની મહાન કૃતિ - "ઉન્સરે શહાદત" માં લખે છે કે "જ્યારે બાળકો અને અહલે હરમે ઈમામ હુસૈન અ.સ.ની મદદની પોકાર સાંભળી ત્યારે હુસૈની છાવણીમાંથી રડવાના અવાજો આવવા લાગ્યા. સઅદ અને તેમના ભાઈ અબૂ-હતૂફે જ્યારે અહલે હરમના રડવાના હૃદયદ્રાવક અવાજો સાંભળ્યા તે પછી આ બંનેનો હૃદય પલટો થઈ ગયો અને તેઓ બંને ઈમામ હુસૈન અ.સ.ના પક્ષે આવી ગયા."

તે વખતે આ બંને રણભૂમિમાં જ હતા. બંનેના હાથોમાં તલવારો હતી જ - જેના વડે તેમણે યઝીદીઓ ઉપર હુમલો કર્યો અને લડવા લાગ્યા. ઈમામ અ.સ.ના પક્ષકાર બનીને થોડાક સમય સુધી યુધ્ધ કરતા રહ્યા અને કેટલાક લોકોને જહન્નમનો માર્ગ દેખાડ્યો, છેવટે આ બંને પણ ખૂબ જ ઘાયલ થઈ ગયા અને તે પછી તે બંને એક જ સ્થળે શહીદ થઈ ગયાં."



(તૌબા-આગોશે રહમત - પા.નં. ૧૭૫)



E-mail : hadimasik@yahoo.com

# સવાલ - જવાબ



**પ્રશ્ન :** આપણાં જીવનની કડવી અને મધુર ઘટનાઓમાં ખુદાવન્દે આલમનો કેટલો પ્રભાવ હોય છે?

**જવાબ :** કુરઆન મજીદ ફરમાવે છે કે "જે સદગુણ અને સારૂં તમને મળે છે તે ખુદાવન્દે આલમ તરફથી છે અને જે કાંઈ દુર્ગુણ અને બુરાઈ તમને મળે છે તે તમારા (પોતાના) મન (અંતર-આત્મા)તરફથી છે" (સૂરએ નિસાઅ આ. ૭૯)

ખુદાવન્દે આલમે દ્રાક્ષ ઉત્પન્ન કરી છે પરંતુ મનુષ્ય તેનાથી ફાયદો મેળવવાને બદલે તેમાંથી શરાબ બનાવે છે, જેના ઉપયોગથી અનેક અનિષ્ઠો અને બીમારીઓ જન્મે છે.

તેવી જ રીતે ખુદાવન્દે આલમે મનુષ્યને કેટલીક શક્તિઓ આપી છે પરંતુ કેટલાક લોકો તે શક્તિઓનો દુરૂપયોગ કરે છે અને પોતાની શક્તિથી લોકોને લાભાન્વિત કરવાને બદલે તેમને નુકશાન પહોંચાડે છે.

ખુદાવન્દે આલમે મનુષ્યને બુધ્ધિ આપી છે પરંતુ કેટલાંક લોકો પોતાની આ બુધ્ધિ શક્તિથી જ ખોટા -અનિષ્ઠના કાર્યો કરે છે અને લોકો સાથે છેતરપિંડી પણ કરે છે.

આમ ખુદાવન્દે આલમ તરફથી જે છે તે સારા માટે અને મનુષ્યના ફાયદા માટે છે પરંતુ જે અનિષ્ઠ છે, બુરાઈઓ છે, તેને મનુષ્ય પોતે જન્મ આપે છે.

# મોહર્રમ માસની રક્ષા કરો



મોહર્રમ માસ સૈયદુશ્શોહદા-સરદારે અવલિયાની ચળવળનો માસ છે કે જેમાં આપ અ.સ.એ અત્યાચારી અને સરમુખત્યાર શાષકોની વિરૂધ્ધ યુદ્ધ કરીને માનવતાને જીવવાની અને પોતાની સુધારણા કરવાની પધ્ધતિ શીખવાડી છે. અત્યાચારીઓને નેસ્તનાબૂદ કરવા અને જુલ્મગારોને પરાસ્ત કરવા માટે પોતાના પ્રાણોની આહૂતિ આપવાનો જોશ આપણને આપ્યો છે.

આ મોહર્રમ માસની પવિત્રતાનું રક્ષણ કરો - આપણી પાસે જે કાંઈ પણ છે તે આ મહોર્રમ માસ અને તેની મજલિસો થકી જ છે. આ મજલિસો આપણા સંદેશાના પ્રસારનું એક પવિત્ર સાધન છે. સૈયદુશ્શોહદાની કત્લ આપની શહાદત છે. જો આ મહોર્રમ માસની મજલિસો - અઝાદારી - સોગવારીની સભાઓ (મજલિસો) ન હોત તો આપણને સફળતા ન મળી હોત.



ચૌદ સૈકાઓ પસાર થઈ ગયા છે કે આ મજલિસો થકી - આ મુસિબતોના વર્ણન થકી જ, આ માતમ અને સીનાઝની (છાતી પરના માતમ) થકી જ ઈસ્લામની રક્ષા થઈ છે.

(ઈરાનની ક્રાંતિના સુત્રધાર - હઝરત આયતુલ્લાહુલ ઉઝમા - રૂહુલ્લાહ ખુમૈનીની વાણી )



E-mail : hadimasik@yahoo.com




## કરબલાની યાદને તાજી રાખો :

ઈમામ હુસૈન અ.સ.એ પોતાના અમલ વડે ઈસ્લામના સમગ્ર ઈતિહાસને મહાન સંદેશો આપ્યો છે. અને હકીકત તો એ છે કે પોતાની આ કુરબાની વડે ઈમામ હુસૈન અ.સ. એ પોતાના યુગમાં જ નહીં, આવનારા સમગ્ર યુગયુગાંતરો સુધી ઈસ્લામને સુરક્ષિત કરી દીધો છે. કોઈપણ યુગમાં જ્યારે પણ યઝીદીયત જેવો કોઈ ફિતનો - ફસાદ થાય છે ત્યાં ઈમામ હુસૈન અ.સ.ની કુરબાની દીવાદાંડીની જેમ માર્ગ ભૂલેલાઓનું માર્ગદર્શન કરે છે. જાણે કે પોતાના કાર્યો અને પોતાના દૃષ્ટાંત વડે આપણને સમજાવી રહ્યા હોય છે કે આ તમે શું કરી રહ્યા છો ? આ નિષ્ક્રિયતા કેવી ? આ ફિતના - ફસાદ અને આ અધમતાને દબાવી દેવા - જડમૂળથી ઉખેડી ફેંકવા - દૃઢ નિશ્ચય સાથે તુટી પડો. ઈમામ હુસૈન અ.સ.ની યાદ અને કરબલાની યાદને



હમેશાં જીવિત (તાજી) રાખવી જોઈએ કારણ કે કરબલાનું વર્ણન આ ક્રાંતિના સંદેશાને આપણાં ચક્ષુઓ સમક્ષ તાદૃશ કરી દે છે.

(મહાન રેહબર-હઝરત આયતુલ્લાહુલ ઉઝમા સૈયદ અલી ખામનાઈની વાણી )




# રડવું હોય તો હુસૈન અ.સ. માટે જ

મોહર્રમ માસ અને તેનો ચાંદ ઈમામ હુસૈન અ.સ.ની મહાન મુસિબતોની યાદ દેવડાવે છે. આ માસ અહલેબૈત અ.સ.ના ચાહવાવાળાઓ માટે શોક અને ગમ મનાવવાનો માસ છે. આ માસમાં અને ખાસ કરીને તેના આરંભના દિવસોમાં આપણી ફરજ છે કે ઈમામ હુસૈન અ.સ.ની અઝામાં રડીએ - કાળા વસ્ત્રો ધારણ કરીએ અને અઝાદારીની મજલિસોમાં સામેલ થઈએ.

મજલિસો કરવી / કરાવવી અને તેને વધારે સારી રીતે આયોજિત કરવાના કાર્યમાં તન-મન-ધનથી સહાયતા કરવી - તે માટે અંજુમનો (ટુકડીઓ / ટીમો) બનાવવી-એ તમામ કાર્યો અલ્લાહનું સામિપ્ય અને તેની ખુશી (રઝા) મેળવવાના સાધનો છે.

રિયાન-બિન-શુએબ નામનો એક વ્યક્તિ મોહર્રમ માસના આરંભના દિવસોમાં ઈમામ રિઝા અ.સ. પાસે ગયો ત્યારે ઈમામ અ.સ.એ મોહર્રમ માસ અને ઈમામ હુસૈન અ.સ.ની મુસીબતોનું વર્ણન કરતા જણાવ્યું કે “હે શુએબના પુત્ર ! આ મોહર્રમ માસ તો એવો મહીનો છે કે અંધકારના યુગ (ઝમાનાએ જાહિલિયત - ઈસ્લામના ઉદય - પ્રસાર પહેલાનો યુગ) માં પણ લોકો આ માસની






E-mail : hadimasik@yahoo.com




પવિત્રતા જાળવતા હતા અને આ માસમાં યુધ્ધ અને ખુનામરકી નહોતાં કરતા પરંતુ અફસોસ છે કે આ ઉમ્મતે તો મહોર્રમ માસ અને પયગમ્બર સ.અ.વ.ની અવલાદની પવિત્રતાનો પણ વિચાર ન કર્યો અને પયગમ્બર સ.અ.વ.ના વંશજોને કત્લ કરી દીધાં અને આપ સ.અ.વ. ના કુટુંબની સ્ત્રીઓને બંદી બનાવી."

હે શુએબના પુત્ર ! જો કોઈના માટે રડવું હોય -ત્યારે હુસૈન ઈબ્ને-અલી-અ.સ. માટે રડો કે તેમને તો ઘેટાની જેમ ઝિબ્હ કરી દેવામાં આવ્યાં હતાં..... હે શુએબના પુત્ર ! જો તમે કયામતના દિવસે જન્નતના ઉચ્ચ દરજ્જાઓમાં અમારી સાથે રહેવા માંગતા હોય તો અમારી મુસીબતો (ના દિવસો)માં શોકમગ્ન અને અમારી ખુશાલી (ના દિવસોમાં)માં ખુશ-ખુશાલ રહ્યા કરો. અમારી વિલાયત ઉપર (અમારી સાથેના પ્રેમ સંબંધ ઉપર) અડગ રહો. કેમકે જો કોઈ પત્થર સાથે પણ પ્રેમ કરે છે તો ખુદા કયામતના દિવસે તેને તેની સાથે (તે પત્થર સાથે) જ રાખશે."

(આયતુલ્લાહુ ઉઝમા વહીદ ખુરાસાની મદ્દઝિલ્લહુલ આલીનું બયાન)





# મજલિસોમાં જવાના ફાયદા

માઅસૂમીન અ.સ.ની રિવાયતો અને કેટલીક ઘટનાઓમાં સૈયદુશ્શોહદા અ.સ.ની મજલિસોમાં જવાના ઘણાં ફાયદાઓ બયાન થયાં છે. આ મજલિસોને કારણે જ ઈસ્લામની સાચી છબી આપણે જોઈ-જાણી શકીએ છીએ. કુરઆન અને દીનની જાણકારી-હદીસો અને અહકામનું જ્ઞાન મેળવી શકીએ છીએ.

મજલિસોમાં જવાના અનેક ફાયદાઓ પૈકી એક ફાયદો એ પણ છે કે આ મજલિસોમાં જવાથી વ્યક્તિના અંતરઆત્મામાં ક્રાન્તિ જન્મે છે. મનુષ્ય પોતાની આધ્યાત્મિક શક્તિઓ કેળવીને સત્યને ઓળખીને ખરાબ કામોથી તૌબા કરી લે છે. આમ મજલિસોમાં જવાને કારણે પોતાના ગુનાઓથી તૌબા કરી લેવાના અને સત્યનો માર્ગ અપનાવી લેવાના ઘણાં પ્રસંગો ઈતિહાસના પાનાઓમાં નોંધાએલા છે. તે પૈકી એક એવો છે કે :-

આકાએ બાકિર મુસવી હમ્દનો એક પ્રસંગ એવો વર્ણવ્યો છે કે :-

“ગંદાબ” (હમ્દાન)ના પ્રદેશમાં એક શરાબી ગુંડા જેવો વ્યક્તિ રહેતો હતો કે જેનું નામ અલી ગંદાબી હતું. જો કે તે ધાર્મિક (દીની) બાબતોમાં કોઈ રસ દાખવતો ન હતો અને હંમેશા બદમાશ અને ગુનાહો કરનાર લોકોની સાથે રહેતો હતો તેમ છતાં તેના ચારિત્રમાં કેટલાંક નૈતિક મુલ્યો જળવાએલા હતાં.

એક દિવસ તે શહેરની એક ઘણી સારી હોટલમાં પોતાના એક મિત્ર સાથે ચા પીવા ગયો હતો. તેના સ્વસ્થ શરીર અને સુંદર મુખાકૃતિમાં એક અનેરૂં આકર્ષણ હતું અને તેણે માથે એક મખમલની ટોપી પહેરેલ હતી જેનાથી તેની સુંદરતા વધુ ખીલી



E-mail : hadimasik@yahoo.com



ઉઠી હતી પરંતુ એકાએક તેણે પોતાની ટોપી ઉતારીને પગના નીચે સંતાડી દીધી. તેના મિત્રએ કહ્યું - તું આ શું કરે છે ? તેણે કહ્યું "થોડીક વાર રોકાઈ જા - આટલો અધીરો ન બન" થોડીવાર પછી તેણે ટોપી ઉપાડીને ફરી પહેરી લીધી અને કહ્યું "મારા મિત્ર ! હમણાં એક યુવાન સ્ત્રી તેના પતિ સાથે અહીંયા આવી હતી, જો તે મને ટોપી સાથે જોઈ જતી તો જરૂર તેના મનમાં આવો જ વિચાર આવ્યો હોત કે આ વ્યક્તિ તો મારા પતિ કરતાં પણ વધારે સુંદર છે અને તે પછી પોતાના પતિ સાથે તેનો વ્યવહાર પણ રૂક્ષ થઈ ગયો હોત, અને હું નથી ઈચ્છતો કે હું મારી આ ચમકવાળી ટોપીને કારણે પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં કડવાશ પેદા કરૂં."

હમદાનમાં એક પ્રખ્યાત ઝાકિર જનાબ શૈખ હસન પણ હતા. જે ખરેખર એક ખુબ જ પરહેઝગાર અને ધાર્મિક પ્રકૃતિના વ્યક્તિ હતા. તેઓ ફરમાવે છે કે "હું એક વખતે આશૂરાના દિવસે "અસ્ર" ના સમયે "હિસાર" નામના ગામમાં મજલિસ પઢવા ગયો હતો. પરંતુ પાછા ફરતા મોડું થઈ ગયું. શહેરનાં દરવાજે પહોંચ્યો તો દરવાજો બંધ થઈ ગયો હતો. મેં બારણું ખખડાવ્યું તો "અલી ગંદાબી" નો અવાજ સાંભળ્યો - જે શરાબના નશામાં ધુત હતો અને જોર-જોરથી બરાડા પાડતો હતો, કોણ છે ? કોણ છે ? મેં કહ્યું : "હું હુસૈન અ.સ. નો ઝાકિર શૈખ હસન છું" તેણે દરવાજો ઉઘાડ્યો અને મોટેથી પુછયું "આટલી રાત સુધી ક્યા હતાં ?" મેં કહ્યું : "હિસાર" નામના ગામે ઈમામ હુસૈન અ.સ.ની મજલિસ પઢવા ગયો હતો. આ સાંભળી તેણે કહ્યું : મારા માટે પણ મજલિસ પઢો. મેં કહ્યું : મજલિસ માટે મિમ્બર અને સાંભળનારા લોકો જોઈએ. તેણે કહ્યું : આ બધુ અહિંયા છે જ. આટલું કહીને તે વ્યક્તિ સજદાની સ્થિતિમાં આવી ગયો અને કહ્યું "મારી પીઠ મિમ્બર છે. અને હું સાંભળનારો છું, મારી પીઠ ઉપર બેસીને કમરે બની હાશિમ હઝરત અબ્બાસના માસાઈબ પઢો."

બીકને કારણે બીજું કાંઈ થઈ શકે તેમ નહોતું, હું તેની પીઠ ઉપર બેસી ગયો અને મજલિસ પઢવા લાગ્યો. તે સાંભળીને તે ખુબ રડવા લાગ્યો. તેનું રૂદન જોઈને



મારી હાલત પણ અજીબ થઈ ગઈ કે જીવનમાં ક્યારેય આવી હાલત થઈ નહોતી. મજલિસ પૂરી થતાંની સાથે જ તેનો નશો પણ ઉતરી ગયો હતો અને તેના મનમાં એક વિચિત્ર ક્રાંતિ આવી ગઈ હતી.

આ મજલિસ, તેના રૂદન અને તેના વસીલાની બરકતથી તે વ્યક્તિ પવિત્ર રોજાઓની ઝિયારત માટે કરબલા ગયો અને ત્યાંની ઝિયારતો કરીને નજફે અશરફ ગયો.

તે યુગમાં મિર્ઝા શીરાઝી (કે જેમણે - અમુક કારણોને લીધે - તમાકુનું સેવન હરામ હોવાનો ફતવો આપ્યો હતો) નઝફે અશરફમાં રહેતા હતા. અલી ગંદાબી આપની નમાઝે જમાઅતમાં સામેલ થતો અને બરાબર આપની પાછળ જ નમાઝ અદા કરતો અને ઘણાં લાંબા કાળ સુધી આ મહાન મરજએ તકલીદની નમાઝે જમાઅતમાં સામેલ થતો રહ્યો.

એક દિવસે મગરિબ અને ઈશાની નમાઝ વખતે મિર્જા શીરાઝીને એવા સમાચાર આપવામાં આવ્યાં કે ફલાણાં "આલિમે દીન" નું અવસાન થઈ ગયું છે. આ સાંભળીને આપે ફરમાવ્યું કે ઈમામ અલી અ.સ.ના હરમ મુબારકને લાગીને જે ઓસરી છે તેમાં તે આલિમે દીનને દફન કરવામાં આવે. તરત જ તેમની કબર તૈયાર કરવામાં આવી, પરંતુ નમાઝે ઈશા પછી લોકોએ આવીને કહ્યું કે તે આલિમે દીન બેભાન થઈ ગયા હતા અને હવે આપ ભાનમાં આવી ગયા છે. પરંતુ અલી ગંદાબી કે જે ત્યાં નમાઝ અદા કરી રહ્યો હતો તેણે જાનમાઝ ઉપર પ્રાણ ત્યાગી દીધા, આ દૃશ્ય જોઈને મિર્ઝા શીરાઝીએ કહ્યું : "અલી ગંદાબીને જ આ કબરમાં દફન કરવામાં આવે. અલ્લાહની ઈચ્છા મુજબ અલી ગંદાબી માટે જ આ કબર તૈયાર થઈ હશે."

(તૌબા આગોશે રહમત - પા.નં. ૧૫૭)


E-mail : hadimasik@yahoo.com



# મને ઓળખો કે હું કોણ છું

અસહાબે કિસાઅની પાંચમી વ્યક્તિ હઝરત ઈમામ હુસૈન અ.સ. પોતાના કુટુંબને કારણે એક અત્યંત મહાન ફઝીલત અને ઉચ્ચતા ધરાવતા હતા. આપના બાપ-દાદા અને વડીલો જેવા જગતમાં કોઈ હતા જ નહીં - થયાં જ નહોતા.

તેથી જ આશુરાના દિવસે આપે પોતાના ખાનદાનની મહાનતાનું વર્ણન કરીને પોતાની ઓળખાણ આપી હતી કે જેથી કરીને વિવાદનો અંત આવી જાય.

આપે પોતાની કાવ્ય પંક્તિઓ દ્વારા પોતાની ઓળખાણ આપી હતી, તેનું ભાષાંતર આ મુજબ છે.

સમગ્ર માનવજાતમાં એવો કોણ છે કે જેના નાના મારા નાના જેવા (જેટલા મહાન) હોય - જેનો મુરબ્બી (પિતા) મારા પિતા અલી અ.સ. જેવો (મહાન) હોય, હું તો બે ચંદ્રમાઓનો સુપુત્ર છું, મારી માતા ફાતેમા ઝહરા સલા. છે અને મારા પિતા બદ્ર અને હુનૈન (ના યુધ્ધોમાં) કુફ્ર ને નેસ્ત-નાબૂદ કરવાવાળા છે.

અને (હે યઝીદીઓ) જ્યારે કુરૈશ હજી તો લાત અને ઉઝ્ઝા (તે યુગની બે મોટી મૂર્તિઓ) ની પુજા કરતા હતા ત્યારે મારા પિતા અલી અ.સ. એ બે કિબ્લાઓ તરફ મુખ કરીને નમાઝ પડી છે.

(બિહાર ભા. ૪૫, પા. ૪૭)





# મોઅજિઝા (અલૌકિક શક્તિઓ) અને અહલેબૈત અ.સ.

અંબિયા અને રસુલોની જેમ અહલેબૈત અ.સ. પણ ખુદાવન્દે આલમની તરફથી અલૌકિક શક્તિઓ અને મોઅજિઝા અને કરામત (ચમત્કાર) કરવાની શક્તિઓ ધરાવતા હતા. કુરઆને મજીદમાં મોઅજિઝાનો દલીલ તરીકે ઉલ્લેખ થયો છે કારણ કે આવી શક્તિ તે મોઅજિઝો કરનાર વ્યક્તિની વાણી અને તેના સંદેશની સચ્ચાઈની દલીલ હોય છે.

મોઅજિઝો એટલે શું ? મનુષ્ય પોતાની અલૌકિક શક્તિ વડે અસામાન્ય (જે શક્ય ન હોય તે) કામો કરે છે કે જે કાર્ય બીજી કોઈ વ્યક્તિ કરી શકે તેમ ન હોય. તેથી જ ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે "મોઅજિઝો એ ખુદાએ બક્ષેલ એક નિશાની છે જેને પોતાના અંબિયા - પોતાના રસૂલો અને પોતાની હુજ્જતને આપે છે કે જેથી કરીને જુઠા વ્યક્તિના જુઠના મુકાબલામાં સાચા વ્યક્તિની સચ્ચાઈને ઓળખી શકાય. (બિહારૂલ અનવાર - ભા. ૧૨, પા. ૧૩)"

ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ના મહાન શિષ્ય અબૂ બસીર કે જે બંને આંખે આંધળા હતા, તેમણે એક વખત ઈમામ અ.સ.ને અરજ ગુજારી કે "મૌલા ! રસૂલે ખુદા સ.અ.વ. તમામ પયગમ્બરોના "વારિસ" હતા, જે બાબતો અંબિયા જાણતા હતા તે બાબતો આપ સ.અ.વ. પણ જાણતા હતા ? આપ અ.સ.એ ફરમાવ્યું "હા, જાણતા હતા. " અબૂ બસીર કહે છે કે તે પછી મેં અરજ ગુજારી કે


E-mail : hadimasik@yahoo.com



“મૌલા આપ પણ મરી ગયેલાઓને જીવતા કરી શકો છો ? આંધળાઓને દૃષ્ટિવાન અને કોઢના દર્દીને સાજો કરી શકો છો ? “ ઈમામ અ.સ.એ ફરમાવ્યું : “હા જરૂર - ખુદાના હુકમથી હું પણ આ કામો કરી શકું છું.”

તે પછી ફરમાવ્યું “મારી પાસે આવો ! “હું આપની પાસે ગયો તો આપે મારા ચહેરા અને આંખો ઉપર પોતાનો મુબારક હાથ ફેરવ્યો તેથી હું સૂર્ય - જમીન - મકાનો જે કાંઈ ત્યાં હતું તે બધું જોતો થઈ ગયો, પછી ફરમાવ્યું : “શું ઈચ્છા છે ! આવી રીતે દૃષ્ટિવાન રહેવું છે અને તે પછી કયામતના દિવસે અન્ય તમામ લોકોની સાથે પોતાના પાપ-પુણ્યના લેખાજોખા માટે ઉભા રહેવું છે કે પછી પહેલાની હાલતમાં પરત થઈને કયામતના દિવસે કોઈપણ રોકટોક - હિસાબ - કિતાબ વગર સીધા જન્નતમાં જવું છે ?”

મેં અરજ કરી “મૌલા ! મને પહેલાની હાલતમાં જ પાછો મુકી દો” તે પછી ઈમામ અ.સ. એ પોતાના હાથ ફરી મારા ચહેરા ઉપર ફેરવ્યો તો હું મારી પહેલાની હાલતમાં આવી ગયો.

મેં આ પ્રસંગને ઈબ્ને-અલી-અમીર ઈમામ અ.સ.ના એક પ્રખ્યાત શિષ્યને પણ કહી સંભળાવ્યો તો તેમણે કહ્યું “આ બાબત શંકાથી પર છે, હું પણ સાક્ષી પુરાવું છું કે આ એક સત્ય મોઅજિઝો છે (ઉસૂલે કાફી-ભા. ૧ પા. ૪૭૦)”

(વધુ આવતા અંકે)



# ઈમામ હુસૈન અ.સ.ની શહાદતની (લોકોના) મન ઉપર અસર

**"ઈન્ના લેકત્લિલ્હુસૈને હરારતુન ફી કુબૂબિલ મોઅમેનીના લાતબર્રદા અબદા-"**



"હુસૈન (અ.સ.) ના કત્લ (શહાદત) ની તાસીરથી મોઅમેનીનના દિલોમાં એવી ઉષ્મા પ્રગટ થશે જે ક્યારેય ટાઢી પડશે નહીં."

(મુસ્તદરકલ વસાઈલ - ભા. ૧૦, પા. ૫૧૮)



E-mail : hadimasik@yahoo.com




# આશૂરાના દિવસની મુસીબત

હઝરત ઈમામ હસન અ.સ. એ ફરમાવ્યું છે કે :

"મને જે વસ્તુ વડે શહીદ કરવામાં આવી રહ્યો છે તે મારા મોઢામાં નાંખવામાં આવેલ ઝેર છે પરંતુ હે અબૂ અબ્દુલ્લાહિલ્હુસૈન (અ.સ.) આપની મુસીબતવાળા દિવસ (આશૂરાના દિવસ) કરતા મોટો (વધારે) મુસીબતોવાળો બીજો કોઈ દિવસ છે જ નહીં."

(અમાલી-યે-સદૂક-પા.૧૬, બિહાર-ભા. ૪૫-પા. ૨૧૮)



# અજ્ઞાત સહાયક

મદીના શહેરમાં એવા ઘણાં કુટુંબો હતા કે જેમને એમની આજીવિકા માટેનો ખર્ચ અજ્ઞાત રીતે મળી જતો હતો અને તેમને એની પણ જાણ નહોતી કે તેમને આ ક્યાંથી - કોની પાસેથી મળે છે. ઈમામ અલી ઈબ્નુલ-હુસૈન અ.સ.ની શહાદત થઈ ગઈ તે પછી આ સામાન - ખર્ચ મળવાનું બંધ થઈ ગયું ત્યારે તે લોકોને જાણ થઈ કે તેમને આજીવિકાનો આ સામાન ખર્ચ ક્યાંથી મળતો હતો ?

એવી જ રીતે રિવાયત છે કે ઈમામ ઝય્નુલ આબેદીન અ.સ. દિરહમ અને દીનાર ભરેલો થેલો ભરીને લઈ જતા હતા અને દરેક ઘરના દરવાજાને ખખડાવતા હતા. ઘરવાળા દરવાજો ખોલે તે પહેલાં જ તેના દરવાજા પાસે કેટલાંક દિરહમ અને દિનાર મૂકીને ચાલ્યાં જતા હતા. આપની શહાદત પછી જ લોકોને આ વાતની જાણકારી મળી કે આ કામ ઈમામ સજ્જાદ અ.સ. કરતા હતાં.

(અલલુશ્શરાએઅ ૧/૨૩૧ - પ્રકરણ ૧૬૫)

શું તમે ગુપ્ત રીતે કોઈની સહાયતા કરી છે ???





E-mail : hadimasik@yahoo.com



# ઈમામે ઝમાના અજ. નું રૂદન

ઈમામે ઝમાના અજ. એ પોતાના પરપિતામહ(દાદા) ની મુસીબતોનું વર્ણન કરતા કહ્યું છે કે :

"મારો યુગ આપના યુગની પછીનો યુગ છે અને તેથી મને આપની સહાયતા કરવાની બાબતે અટકાવી દેવામાં આવ્યો હતો અને હું આપની સાથે યુધ્ધમાં સામેલ થઈને ખુદાના દુશ્મનો સાથે યુધ્ધ કરી શકયો નથી પરંતુ તેમ છતાંયે (આપની મુસીબતોને યાદ કરીને) હું સવાર-સાંજ રડતો રહું છું અને મારી આંખોમાંથી આંસુઓને બદલે લોહીની ધારાઓ વહે છે."

(બિહાર-ભા.૯૮,પા.૩૨૦)

# ઈમામ હુસૈન અ.સ.નો મહાન - ઉચ્ચ દરજ્જો

"કિતાબે અવાલિમ" માં "અહાદિસે કુદસીયા" એકત્ર કરવામાં આવી છે તેમાં એક હદીસમાં એવું વર્ણન મળે છે કે "ખુદાવન્દે આલમે ફરમાવ્યું છે કે "હુસૈન અ.સ. ને મેં મારી વહીનો ખજાનો સાચવનાર(ખજાનચી) બનાવ્યો છે, તેમને કરામત અને શહાદતથી નવાજ્યો છે. તેમને કલ્યાણત્વ અને સફળતાની સર્વોચ્ચ મહાનતાનો દરજ્જો એનાયત કર્યો છે કે જે સર્વશ્રેષ્ઠ શહાદતથી છે અને તેમને શહીદોમાં સર્વોચ્ચ દરજ્જો આપ્યો છે અને તેમના થકી પોતાના કલ્માને સંપૂર્ણતા આપી છે અને પોતાની દલીલને તેમનામાં મૂકી છે અને તેમના ખાનદાનના વસીલા થકી જ હું સજા અને સારો બદલો આપું છું."

( ઉસૂલે કાફી - ભા.૨,પા.૪૭૨, હદીસ નં.૩ )



E-mail : hadimasik@yahoo.com

# ગુરૂનો અધિકાર

(ગયા અંકથી આગળ)



અને ઈમામ સાદિક અ.સ. ની ઝાત તો એ સંપૂર્ણતા પ્રાપ્ત ગુરૂનો એક આદર્શ નમુનો હતી. કે જેમણે વિદ્યા અને જ્ઞાનની એવી રીતે કદર કરી કે જે તેનો અધિકાર હતો અને આપની ઝાત તો એક જ્ઞાની વ્યક્તિત્વ ઉપરાંત નૈતિકતાનું પણ એક સંપુર્ણ દૃષ્ટાંત હતી.

હસન-બિન-ઝિયાદ કહે છે કે મેં સાંભળ્યું છે કે જ્યારે અબુ હનીફાને પુછવામાં આવ્યું કે આપની દૃષ્ટિએ સૌથી મહાન વિદ્વાન કોણ છે ? તો તેમણે જવાબ આપ્યો કે ઈમામ સાદિક અ.સ. (ફી રિહાબે અઈમ્મએ અહલે બૈત-૨ઃ૪૩)

ઈબ્ને અલી લયલા લખે છે કે હું મારી વાત અને મારા ચુકાદાને બીજા કોઈની વાત અને બીજા કોઈના ફેસલાને કારણે રદ નથી કરી શકતો - પરંતુ ઈમામ સાદિક અ.સ.ના કથનને કારણે -

અહલે સુન્નતના ચાર ઈમામોમાંથી એક ઈમામ માલિક છે જેમણે કહ્યું છે કે "ઈમામ સાદિક અ.સ. ઘણાં જ પ્રસન્ન સ્વભાવના અને અત્યંત સદ્ચરિત્રવાળા છે. આપની સમક્ષ જ્યારે પયગમ્બર સ.અ.વ.ની વાત કરવામાં આવતી, આપનો રંગ પીળો થઈ જતો હતો."

(અલ ઈમામ-જાઅફરે સાદિક-અલમસ્તેઆર અબ્દુલ હલીમુલ જુન્દી-૧૫૯, કાહેરામાં પ્રકાશિત)

તેઓએ એવું પણ કહ્યું છે કે ઉચ્ચતા (ફઝલ) - જ્ઞાન અને વિદ્યા તેમજ પરહેઝગારી (તકવા)ની બાબતોમાં મારી દૃષ્ટિએ ઈમામ સાદિકથી વધી જાય તેવો કોઈ વ્યક્તિ નથી. (ફીરિહાબેઅઈમ્મએ અહલેબૈત-૨ઃ૩૧)

અને આપ લોકપ્રિય વ્યક્તિત્વ ધરાવતા હતા તે છતાંય લોકોના મનમાં આપનો પ્રભાવ અને દબદબો પણ એટલો જ હતો. અબૂનઈમએ હુલ્યામાં પોતાની સનદ સાથે ઉમ્ર-બિન-મિકદાદથી રિવાયત કરી છે કે "જ્યારે હું ઈમામ સાદિકને જોતો હતો ત્યારે મારા મનમાં એવો જ પ્રભાવ ઉત્પન્ન થતો હતો કે આ અંબિયાના વંશજ છે."

(ફી રિહાબે અઈમ્મએ અહલે બૈત-૨ઃ૩૧)



E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**પટેલ નઈમ અબ્બાસ એચ.**
આશિયાના પાર્ક, આંબાવાડી, મહુવા, ભાવનગર.



**રવજાણી ફઝલ અબ્બાસ મુનીર અબ્બાસ**
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા સીટી.



**મીઠવાણી સજ્જાદ હબીબઅલી**
જુનો કડયાલી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



**લાખાણી ઝહીર અબ્બાસ એમ.**
**લાખાણી ઝૈનઅલી આર.**
હ. અબ્બાસ (અ.સ.) પાર્ક,
એમ.જી.એમ. હાઈસ્કૂલની બાજુમાં
વરતેજ.



E-mail : hadimasik@yahoo.com



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી
જીવાબાવાનો ચોક, સુલેમાન ખાકુ પાર્ક સો., રાજુલા.



બુખારી મુખત્યાર અહેમદ ઈમ્તીયાજ હુસૈન
ધંધુકા.



અમીરી સકીના એસ.
પ્રિન્સ પેલેસ, રાજુલા.





E-mail : hadimasik@yahoo.com



# તાઅઝીયત

"હાદી" માસિકના
કાર્યકર્તાઓ તરફથી તમામ
અઝાદારોને અય્યામે અઝાએ
શહીદાને કરબલામાં
તાઅઝીયત
પાઠવીએ છીએ.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

E-mail : hadimasik@yahoo.com




# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*